

રાજ્ય સરકારના પ્રવક્તાએ કહ્યું છે કે પીવાના પાણીની સમસ્યા રાજ્યમાં નહીં થાય એ તો છે..... પણ ન્હાવાના પાણી માટે રક્ષા બંધનના દિવસ જેવું તો નહીં થાય ને ?

# શેઠ સી.એમ. વિદ્યાલયમાં રક્ષાબંધનની અનોખી ઉજવણી : વૃક્ષોને રક્ષા બાંધી

ગાંધીનગર તા. ૩

સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સેકટર-૨૩ ગાંધીનગર જયોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા રક્ષાબંધન પર્વ નિમિતે નવતર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષોને રક્ષા બાંધીને તેમનું જતન સંવર્ધન કરવાનો સંકલ્પ લેવામાં આવેલ હતો. આ પ્રસંગે વૃક્ષો આપણું રક્ષણ કરે છે. તો આપણે વૃક્ષોનું રક્ષણ કરી એને વિષય પર ભાર મુકી વૃક્ષોનું મહત્વ સમજાવેલ હતું.

શાળાના આચાર્ય બી.કે. પટેલ જયાતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસી, પુષ્પાબેન મહેતા, પ્રિયાંકીનીબેન કટારા, કાન્તાબેન ચૌધરી, ચેતના બુચ, શાંતાબેન શ્રીમાળી દ્વારા સંચાનલ કરાયું હતું.

# પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી સ્નેહ મિલન

ગાંધીનગર, તા. ૩

શ્રી પી કે મહિલા ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે રવિવારે ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કૉલેજના પ્રિન્સીપાલ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી કન્વીનર દ્વારા આ અંગેની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે કૉલેજની મુલાકાતે યુજીસી નેકની ટીમ આગામી તા. ૬થી ૮ સપ્ટેમ્બર દરમ્યાન આવી રહી છે. આ માટેના આગોતરા આયોજન હેતુ રવિવારે સવારે ૧૦ કલાકે કૉલેજ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓના આ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કૉલેજના સઘળા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓને આ સ્નેહ મિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


માઉન્ટ કાર્મેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ રક્ષા બંધન પર્વની ઉજવણી સૅક્ટર-૧૬ની અંધ શાળાના વિદ્યાર્થીઓ સાથે કરી હતી. રેડક્રોસ સોસાયટીના સભ્ય બનેલા શાળાના સોશિયલ સર્વિસ ક્લબના વિદ્યાર્થીઓએ શાળાનાં શિક્ષિકા કુસુમબેન જોષી તથા ગાંધીનગર રેડક્રોસના જિજ્ઞેશ રાવલના નેતૃત્વમાં આ ઉજવણીમાં ભાગ લીધો હતો. પ્રજ્ઞાચક્ષુ બાળકોને રાખડી બાંધી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ તેમના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી તથા તેમનું મોં પણ મીઠું કરાવ્યું હતું. તો સામે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીનીઓએ પણ કાર્મેલ સ્કૂલના વિદ્યાર્થીઓને રાખડી બાંધી તેમના સ્વાસ્થ્ય અને રક્ષા અર્થે પ્રાર્થના કરી હતી. (તસવીર : કમલેશ શાહ)

# સે.-૨૧ પુસ્તકાલય ખાતે સ્વામી વિવેકાનંદ અંગે આજે વાર્તાલાપ અને પુસ્તક પ્રદર્શન

ગાંધીનગર, તા.૩

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦ જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સરકારી જિલ્લા પુસ્તકાલય સે.-૨૧ ગાંધીનગર ખાતે તા. ૪ ઓગસ્ટે સાંજે ૪.૦૦ કલાકે કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

સ્વામી વિવેકાનંદજીના પુસ્તકોનું પ્રદર્શન સહ વેચાણ ઉદ્‌ઘાટનશ્રી પ્રદિપભાઈ આઝાદ, ગ્રંથપાલ નિયામકશ્રી કરશે. સ્વામી વિવેકાનંદજીના વિચારો વિષયક વકૃતત્વ સ્પર્ધા તથા ઈનામ વિતરણ યોજાશે.

તા. ૫ ઓગસ્ટના રોજ સ્વામી વિવેકાનંદજીના સંદેશ વિષય પર વાર્તાલાપ શ્રી રજનીકાન્ત ભટ્ટ અધ્યક્ષ, રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર, સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

દિનેશભાઈ દવે જિલ્લા ગ્રંથપાલ તથા દિલીપભાઈ શાહ ગ્રંથપાલશ્રીએ જણાવેલ છે.

# જિલ્લાકક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધામાં ચરાડા હાઈસ્કૂલ ચેમ્પિયન બની

ગાંધીનગર, તા. ૩

જિલ્લાકક્ષાની શાળાકીય રસ્સાખેંચ હરિફાઈ સ્વામીનારાયણ હાઈસ્કુલ બાલવા ખાતે આયોજિત કરવામાં આવી હતી.

જેમાં કે.જી. હાઈસ્કુલ ચરાડાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને જિલ્લામાં ગૌરવ વધાર્યું હતું. વિજેતા ખેલાડીઓમાં રચના ચૌધરી, ભૂમિ ચૌધરી, મેઘા ચૌધરી, ઉષા પ્રજાપતિ, મિત્તલ ચૌધરી, ઉજાસ ચૌધરી, અક્ષિતા પટેલ, રીમા પટેલ, તેજલ બારોટ, ભાવેશ ચૌધરી, મિલન સથવારા, રવિ ચૌધરી, રવિ એસ. ચૌધરી, જય ચૌધરી, મુકેશ ડાંગર, જીત પટેલ, રાજયકક્ષાની સ્પર્ધામાં માટે પસંદગી પામ્યા હતા.

વ્યાયામ શિક્ષક મોઘજીભાઈ ચૌધરીએ તાલીમ આપી હતી. આચાર્ય બાબુભાઈ ચૌધરી શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# કલા ગુર્જરી દ્વારા આજે ટાઉનહૉલમાં જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૩

પાટનગરની કલાપ્રેમી જનતા સમક્ષ વિવિધ અને અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની પોતાની જ સંસ્થા કલા ગુર્જરી તેનાં આ વર્ષના દ્વિતીય કાર્યક્રમ અન્વયે જુના હિન્દી ફિલ્મી ગીતોનો એક અનોખો કાર્યક્રમ 'સિતારો સે આગે-૨' અંતર્ગત **'Sweet 60s'**નું આયોજન તા. ૪-૮-૨૦૧૨નાં રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે, જેમાં અમદાવાદ-વડોદરાનાં અનુભવી અને નીવડેલ ગાયકો અને સંગીતકારો હિન્દી સિનેમાનાં સુવર્ણકાળનાં લોકપ્રિય ગીતોની મધુર સુરાવલીઓ રેલાવશે - કાર્યક્રમનું રસ દર્શન ફિલ્મ સંગીતનાં જાણીતા તજજ્ઞ અને કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ કરાવશે.

કલા ગુર્જરીનું સભ્ય પદ મેળવવા માટે જયરાજસિંહ સરવૈયા (૯૮૨૫૨ ૫૩૯૩૩), શરદ વ્યાસ (૯૮૨૫૩ ૩૨૯૨૩) અને ભાવિક પટેલ (૯૮૭૯૦૯૭૫૫૬)નો સંપર્ક કરવા કલા ગુર્જરીનાં પ્રમુખ શ્રી એન.પી. પટેલે અનુરોધ કરેલ છે. કાર્યક્રમની શરૂઆત પહેલા ટાઉનહોલ ઉપર કલા ગુર્જરીનું સને ૨૦૧૨-૧૩નું સભ્યપદ પણ સ્વીકારવામાં આવશે.

# રાજ્ય કક્ષાની ફૂટબૉલ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં

## ખેડા જિલ્લાની ટીમને ૯-૦થી સજ્જડ હાર આપી

ગાંધીનગર, તા. ૩

રાજય કક્ષાની ફૂટબૉલ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની ટીમ આજે ખેડા જિલ્લાની ટીમને સજ્જડ હાર આપીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશી છે.

ભાવનગર ખાતે ચાલી રહેલી આ ટુર્નામેન્ટમાં રાજ્યની ૧૪ ટીમો ભાગ લઈ રહી છે. આજે એક રોમાંચક મુકાબલામાં ગાંધીનગર જિલ્લાની ટીમે ખેડા જિલ્લાની ટીમ સામે ૯-૦થી ઝળહળતો વિજય મેળવ્યો હતો. આ ૯ ગોલ પૈકી વશિષ્ટ જોષીએ બે ગોલનું યોગદાન ગાંધીનગરની ટીમને આપ્યું હતું.

આ વિજય સાથે જ ગાંધીનગરની ટીમે પોતાનો પ્રવેશ ક્વાર્ટર ફાઈનલમાં નિશ્ચિત કરી લીધો હતો. ગાંધીનગર જિલ્લામાં આ સમાચારથી ખુશીની લહેર ફેલાઈ છે અને ટીમ આગામી મેચો દરમ્યાન પણ આવો જ ઉજ્જવળ દેખાવ કરે એવી શુભકામનાઓ ગાંધીનગરના રમત રસિયાઓ તરફથી ટીમને મળી રહી છે.


# શિવરંજની દ્વારા લોક સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી અંગે વ્યકતવ્ય યોજાયું

## ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્યના ખૂબ ઊંડા અભ્યાસી વસંતભાઈ ગઢવીએ મેઘાણી અંગે વકતવ્ય આપ્યું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની કલા સંસ્થા શિવરંજની દ્વારા અન્ય લલીત કલાઓ, સાહિત્ય અને બૌદ્ધિક પ્રવૃત્તિઓ પ્રોત્સાહિત કરવા શિવરંજની લાલિત્ય શરૂ કરેલ છે.

લોક સાહિત્ય કવિશ્રી ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્યના ખૂબ ઊંડા અભ્યાસી શ્રી વસંતભાઈ ગઢવીએ મેઘાણી અંગે વકતવ્ય આપ્યું હતું.



વસંતભાઈ ગઢવીએ શ્રી મેઘાણીભાઈના યુવા વસ્થાના સમયથી શરૂ કરીને તેમના જીવનના દરેક તબક્કા ઉપર લોક સાહિત્ય માટે જે ભેખધારી કામ કરું તેના પ્રસંગો ખૂબ જ સુંદર રીતે વર્ણવેલ હતા. તેમની કાવ્ય રચનાઓ પોતાના વકતવ્યમાં વણી લઈને એક સુંદર માહોલ ઉભો કર્યો હતો. લોક બોલીના લઢણ સાથે ગ્રામ સાંસ્કૃતિક થી શરૂ કરીને ગાંધીજીને ગોળમેળજી પરિષદ માટેના પ્રસંગોને ચોટદાર રીતે રજૂઆત કરી હતી. એકએક મિનિટ તમામને બાંધી રાખતી શૈલીમાં વકતવ્ય રજૂ કરેલ હતું. રેખાચિત્રો, પુસ્તકોનો પરિચય આપનો સ્લાઈડ શો પણ યોજવામાં આવ્યો હતો. જેને કારણે મેઘાણી સાક્ષાત હાજર થયા હોય તેવું વાતાવરણ સર્જાયું હતું.

નવી પેઢીના ૩૦ જેટલા યુવક-યુવતીઓ કાર્યક્રમમાં હાજર હતા. જેથી નવી પેઢી લોકસાહિત્યના બીજ રોપાયા એવો સુંદર પ્રસંગ બન્યો હતો.

આ કાર્યક્રમમાં શ્રી મેઘાણીભાઈના પૌત્રશ્રી પિનાકી મેઘાણી-દંપતી, કવિશ્રી અને સચિવશ્રી ભાગ્યેશ જહા, લેખક શ્રી દોલતભાઈ ભટ્ટ, કેશુભાઈ દેસાઈ, ડૉ. દલપત પઢિયાર, કિરીટ દુધાત, ભાનુભાઈ પુરાણી, ડૉ. તેજલ દલાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરની લાલિત્યને એક વિશિષ્ટ એકેડમીક કાર્યક્રમ યોજવા માટે અભિનંદન આપવામાં આવ્યા હતા.

# શક્તિ-સમૃદ્ધિ અને સાથે સંસ્કાર-વિવેક હોવો જોઈએ

શિવ-મહિમ્ન સ્તોત્રમ્‌ના સત્સંગ દરમ્યાન આજે ગુરુમાએ ગર્વનું પરિણામ શું આવે તે દર્શાવતાં કહ્યું કે,

ભગવાનની કૃપા કે અનુગ્રહ થકી સત્વગુણ હોય તો પરમાત્મ પ્રાપ્તિ, રજોગુણ પ્રાધાન્ય હોય તો વિવિધ ભોગ-સમૃધ્ધિની પ્રાપ્તિ અને તમોગુણ પ્રાધાન્ય હોય તો અભિમાન-ગર્વ વિગેરેમાં પરિણમીત થાય. રાવણ જેવો રાક્ષસ શિવજીની ઉપાસના થકી શક્તિ-બળ અને વૈભવને મેળવી શક્યો. શક્તિ-સમૃદ્ધિ અને સાથે સંસ્કાર અને વિવેક હોવો જોઈએ. અને ન હોય તો સમાજ અનેલોકોને માટે નુકસાનકર્તા બને છે. ભગવાનનું નિયંતા સ્વરૂપ જીવોનું કેવી રીતે નિયંત્રણ કરે છે.

કોઈ પશુનો પાલક હાથમાં દંડ રાખીને જે રીતે નિયંત્રણ કરે છે તે રીતે પરમાત્મા કરતા નથી. પરંતુ જ્યારે કોઈનું રક્ષણ કરવાનું હોય તો પ્રભુ તેને સદ્‌બુદ્ધિ આપી રક્ષણ કરે છે. ખોટા માર્ગે જતા વ્યક્તિને પાછો વાળવા તેની બુધ્ધિમાં વિચાર મૂકી દે છે કે જો ખોટા માર્ગનો અમલ કરે તો તેનું પતન થાય, જેને પરિણામે તે જાગૃત થઈજાય છે અને વિચાર ન કરે તો તેનું પતન થાય છે.

રાવણની માતા કૈકતિ શિવજીની પૂજા કરતા પાંચ પ્રકારના અનાજ લઈ તેમાંથી પાંચ લીન્ગ બનાવી હાથમાં રાખી પૂજા કરી તેની સામે જોઈ લીન થઈ જતા. એક વખત ઈન્દ્રએ તેમના હાથમાંથી લીન્ગ લઈ સમુદ્રમાં ફેંકી દીધા. આથી ધ્યાન ખૂલતાં લીન્ગ ન જોતાં શોકમાં ડૂબેલા જોઈ રાવણે માતાને ખુશ કરવા કૈલાસ પર્વત ઉપરથી લીંગ લાવવા કૈલાસને ઊઠાવવાનો પ્રયત્ન કર્યો. આ જોઈ પાર્વતી ભયભીત થતાં પ્રભુને વિનંતી કરતાં શિવજીએ એક અંગૂઠો દબાવતાં રાવણ પાતાળમાં દબાઈ ગયો. આથી પોતાની પડતી જોઈ રાવણ ખૂબ દુખી થયો. તેને પોતાની ભૂલ સમજાઈ, તેણે સામવેદનું ગાન કર્યું તેથી શિવજી પ્રસન્ન થતાં અંગૂઠો ઊંચકી લીધો.

પ્રભુની જે ઉપાસના કરે તેને પ્રભુ કર્મ-કર્મફળના આધારે શક્તિ પ્રદાન કરે છે. રાવણની શક્તિનો નાશ કરવા માટે જ તેનામાં કુવિચાર મૂકે છે, દુર્બુદ્ધિ થતાં તે કૈલાસ ઊઠાવવા ગયો.

જો વિવેકથી ભ્રષ્ટ થાય તો બધી બાજુથી તેનું પતન થાય છે. તેમાં કુવિચાર નિમિત્ત બને છે. ઈશ્વરના અંતરમાં બધાનું કલ્યાણ જ હોય છે. પરંતુ કઠોર કૃપાથી ભક્તનું કે જીવોનું કલ્યાણ જ રહેલું હોય છે. નિયતિ આવે તો પ્રભુને દોષ દેવાનો ન હોય, તેમાં પણ જીવનું કલ્યાણ જ રહેલું છે તે સમજવું જરૂરી છે. ભગવાનની કૃપા એ માત્ર કૃપા જ છે, તેમાં અભિશાપ હોતો નથી.

શ્લોક નં. ૧૩માં પુષ્પદંતજી કહે છે કે,

હે પ્રભુ, બાણાસૂર આપના ચરણમાં મસ્તક ઝૂકાવનાર હોવાથી ઈન્દ્રની સંપત્તિને ઝાંખી પડી જાય તેવી સંપત્તિ તેને પ્રાપ્ત થઈ. આપના



ચરણમાં ઝૂકવાથી કોની ઉન્નતિ થતી નથી ?

બાણાસૂર જબલપુર પાસે નર્મદા કિનારે રોજ એક હજાર પુષ્પથી શિવજીની પૂજા કરતા. શ્રાવણ માસ દરમ્યાન રોજ સવાલ લાખ શિવલન્ગ નિર્માણ કરી પૂજા કરતા હતા. જેના કારણે પ્રભુએ તેમને હજાર ભૂજાઓ પ્રદાન કરી હતી. માટે જ શિવજીના લીન્ગને બાણલીન્ગ કહેવાય છે. બાણાસૂર રોજ શિવલીન્ગનું નર્મદામાં વિસર્જન કરે તો નર્મદા માતાજી તેને ઓગાળી ન નાખતાં પોતાનામાં સમાવેશ કરી લેતા હતા. તે બધા લીન્ગ નર્મદામાં છે માટે નર્મદામાંથી લીન્ગ લાવીએ તો તે પ્રતિષ્ઠિત લીન્ગ જ કહેવાય છે. બાણાસૂરે હજાર ભૂજાઓથી ફરીથી શિવજીની ભક્તિ કરી, શિવજી ફરી પ્રગટ થતાં બાણાસૂરે ભગવાનને પોતાની પાસે રહેવાનુંકહ્યું. તો શિવજી તેના રક્ષક તરીકે દ્વારપાલ થઈને રહ્યા.

શ્રોણિકકુમાર (કૈલાસ પાસે ઉત્તર પ્રદેશમાં) બાણાસૂરની નગરી હતી. બાણાસૂરની પુત્રી ઉષાની સખી જગતજનની પાર્વતીજી બની ગયા. બંને સરોવરમાંમાં સ્નાન કરતા હતા ત્યારે ઉષાએ પાર્વતીજીનું રૂપ લઈ શિવજી પાસે પહોંચી તેમની સાથે નૃત્ય કરવા લાગ્યા. આથી પાર્વતીજીએ શાપ આપ્યો કે જા, તારું સતિત્વ ખંડિત થઈ જશે. પછીથી શાપમાંથી મુક્તિ માટે સતિત્વ ખંડિત કરનાર તારો પતિ થશે તેમ શાપમાંથી મુક્તિ થશે. બાણાસૂર સાંજે પ્રભુના પગ દબાવતા હતા ત્યારે પ્રભુ કે પ્રભુ આપે જે બળ આપ્યું છે તે કોના સામે વાપરું ?

ઉષાને રાત્રે સ્વપ્નમાં શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધને સ્વપ્નમાં જોયા અને તેની સખી ચિત્રલેખા મારફત ઊઠાવી પોતાના શયનખંડમાં કેદ કર્યા. આથી શ્રીકૃષ્ણ સાથે બાણાસૂરને ભયંકર યુધ્ધ થયું અને હજાર ભૂજા કપાઈ જતાં બાળનો નાશ થયો. પછીથી ઉષાના અનિરુદ્ધ સાથે લગ્ન થયાં.

શિવજીને વરદાન સ્વરૂપ દર્શાવવામાં આવ્યા છે. ભક્તની પ્રાર્થના સાંભળનાર છે, ભક્ત થોડું માગે તો ઘણું આપે. ઉદાર પ્રભુનું શરણ બાણાસૂરે લીધું તો માગ્યું તે આપ્યું. પ્રભુ એક વખત સ્વીકાર કરે તો પૂર્ણતયા સ્વીકાર કરે છે. શરણાગતિથી ભગવાન આગળ-પાછલ કંઈ વિચારતા નથી. બાણાસૂરની શરણાગતિથી જ તેની ઉન્નતિ થઈ.

• અનુસંધાન છઠ્ઠા પાને

# સમાજસેવાના તખ્તા ઉપર પાછળના અસ્સલ કલાકાર શ્રી શશીકાન્ત મોઢા !



**આગવો માણસ - આપણો માણસ**
**- કિશોર જીકાદરા**

કલાકાર બે પ્રકારના હોય છે, એક આંખ સામે દેખાય તે અને બીજો ન દેખાય તે. આ ન દેખાતા કલાકાર એટલે પડદા પાછળના કલાકાર! નાટકના અંતે એક નાનકી વિધિ અંતર્ગત મુખ્ય કલાકારોની સાથે પડદા પાછળના કલાકારોને તખ્તા પર રજૂ કરીને પરિચય કરાવવાની એક સુંદર પ્રથા છે પણ સમાજસેવાના તખ્તા ઉપર પરદા પાછળના કલાકારને પ્રકાશમાં લાવવામાં કેટલીક સેવાભાવી સંસ્થાઓ ઊણી ઊતરી છે. પરિણામે મોટા ભાગે યશનો સાચો હક્કદાર કે યશનો સરખો હિસ્સેદાર ઈતિહાસનાં પૃષ્ઠો વચ્ચે વણચિતર્યો રહી જાય છે. કદાચ આવા કલાકારની પરદા પાછળ જ રહેવાની મહાતનાને કારણે પણ આ બની શકે! સમાજસેવાના તખ્તા પરનો આ કલાકાર પરદા પાછળ રહીને સમાજસેવા કરવાની કલામાં માહેર છે. આ વણપ્રીછયા વીરલા **(unsung hero)** નું નામ છે શશીકાન્ત મોઢા!

શશીકાન્ત મોઢાનું નામ કે તસ્વીર વર્તમાનપત્રમાં જવલ્લે જ છપાય છે. ગાંધીનગરમાં બહુ ઓછા લોકો આ માણસને ઓળખે છે કારણ કે એ પ્રસિધ્ધિથી પર રહ્યો છે. આ સાચો મૂકસેવક છે પરદા પાછળ રહીને થઈ શકે તેટલી સમાજસેવા એ કરી રહ્યો છે. શહેરની સેવાભાવી સંસ્થાઓની પ્રગતિના ફૂલગુલાબી ચિત્રનો એ કુશળ રંગરેજ છે, ફટકેલી ફોરમનું એ સુગંધી ફૂલ છે, મેઘધનુષી આભાનો એ અદ્રશ્ય કસબી છે! છાતી કાઢીને ફરતા કે વાતે વાતે બાંયો ચઢઆવતા સમાજસેવકોની આ માણસ સમૂળગો નોખો તરી આવે છે. હકારાત્મક અભિગમ એ એમનું જમા પાસું છે. સદાય નિજાનંદમાં મસ્ત રહેતા આ મહાત્માને મળવા જેવું છે. ગંગાસતી કહે છે કે ''ભક્તિ રે કરવી એણે રાંક થઈને રહેવું.'' સેવાને સવાઈ ગણનાર આ માણસ ગંગાસતીથી પણ બે ડગલાં આગળ નીકળીને કહે છે કે ''સેવા રે કરવી એણે રાંક થઈને રહેવું!'' આ માણસ સાચા અર્થમાં રાંક છે.

દુર્ગુણો સંગતનું ફળ છે અને સદગુણો સંસ્કારનો વારસો! પિતાજી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક. પોરબંદર પાસેનું આદિત્યાણા ગામ. ગામમાં દારૂ છૂટથી મળે, પીવાય પણ ખૂબ. આ બદીથી પોતાના ગામને મુક્ત કરાવવા પિતાજીએ લડત આપી. ગામને વ્યસનમુક્ત કરીને જંપ્યા. બાળ શશીકાન્તે પિતાના પિતાને પણ જોયેલા. દાદા ગરીબોને ઘરે બોલાવીને પ્રેમથી જમાડતા. જમાડીને કપડાં આપતા. અન્નદાન સાથે વસ્ત્રદાન અને સમાજ સુધારણાના સંસ્કાર કદાચ શશીકાન્તભાઈને વારસામાં મળ્યા હોય એવું બને! રક્તદાન કરી શકવાની ઉંમરે પહોંચવાની! ૧૯ વર્ષના આ યુવાને કૉલેજનાં એક રક્તદાન કેમ્પમાં પહેલવહેલું રક્તદાન કર્યું. લોહી ઓછું કરીને અને નૈતિક ઊંચાઈ વધારીને આ યુવાન જયારે ઘરે આવ્યો ત્યારે તેના હૈયે પરિતોષનો પાર નહોતો! સરકારી નોકરી મળી. ગાંધીનગર આવ્યા. કેટલાક નિમિત્તો જીવનનો રાહ નક્કી કરી દેતા હોય છે. ૧૯૮૩ ની એ વાત છે. તે સમયના જાહેર બાંધકામ વિભાગના મુખ્ય ઈજનેર તરીકે શ્રી ગજેન્દ્ર ખારોડ હતા. તેમની ખ્યાતિ મુખ્ય ઈજનેર કરતા મૂકસેવક તરીકે વિશેષ હતી. સમાન ગુણે મૈત્રી સંભવ છે. શશીકાન્ત મોઢા તેમને મળ્યા. સદ્‌ભાવ ટ્રસ્ટની પ્રવૃત્તિ જોઈ. ગાંધીનગરના આ રવિશંકર મહારાજને મળીને તેઓ બેહદ પ્રભાવિત થયા. એવું કહેવાય છે કે પારસમણિનો સ્પર્શ તો કથીરને પણ કંચન બનાવી દે છે. જયારે આ માણસ તો સો ટચનું સોનું! એમાં કહેવાનું શું હોય? સોનામાં સુગંધ ભળી. સમાજસેવકો માટે ખારોડ સાહેબ અદ્‌ભૂત ચુંબક હતા. શશીકાન્તભાઈએ તરફ ખેંચાતા રહ્યા. ટ્રસ્ટનાં બેચાર મિત્રો સાથે ખારોડ સાહેબ સવારસાંજ ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલે જતા. ડૉકટર્સનું કામ તો દર્દીઓને તપાસીને દવા લખી આપવાનું, તેઓ કંઈ માંદા માણસની પીઠ પસવારીને તેની તબીયતના હાલ પૂછવા થોડા નવરા હોય? ખારોડ સાહેબ નવરાં હતા! તે અને તેની ટીમનો હૂંફાળો માનવીય અભિગમ લગભગ ઔષધ જેટલું જ અસરકારક કામ કરતો. નોકરીનાં બંધન છતાં શશીકાન્ત મોઢા થડો સમય કાઢી ગરીબ દર્દીને મફત દવા આપવામાં કે પ્રસંગોપાત ફળના વિતરણમાં આ ટીમ સાથે રહેવા લાગ્યા. પણ શશીકાન્ત મોઢાને આટલેથી સંતોષ નહોતો. તેને થતું કે માનવતાના આ કાર્યમાં મારું યોગદાન કેટલું? ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપવાનો સંકલ્પ કર્યો. સાલસ સ્વભાવને કારણે તેમનું મિત્રવર્તુળ મોટુ. તેમની સ્વચ્છ છબિને કારણે તેઓ દાન મેળવી શકવામાં સફળ થયા. માનવતાના આ યજ્ઞમાં પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ આહૂતિ આપવાની તેમની આ કળાને કારણે તેઓ અન્ય સેવાભાવી સંસ્થાના આકર્ષણનું કેન્દ્ર બન્યા.

જવાબદારીવાળી નોકરી છતાં રક્તદાનની પ્રવૃત્તિમાં પણ તેઓ સક્રિય રહી શક્યા. જયારે પણ તક મળી ત્યારે રક્તદાન કરવાનું તેઓ ન ચૂક્યા. વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાતા રક્તદાન કેમ્પમાં એ સતત દોડતા રહ્યા. પોતાના વિભાગ **(R & B)** માં રક્તદાન કેમ્પ યોજવાની પહેલ કરી. વિશ્વ રક્તદાન દિને ગાંધીનગરમાંથી રેકોર્ડબ્રેક રક્ત એકત્રિત કરવામાં તેમનો સિંહફાળો રહ્યો છે. તેમનું આ ઝનૂન તેમને વ્યક્તિગત રક્તદાનના સીમાચિહ્‌ન તરફ લઈ જવામાં સફળ થયું છે. એકસોથી વધુવાર રક્તદાન કરનારા શહેરના શૅરદિલ ઈન્સાનો પૈકી શશીકાન્ત મોઢા એક છે! તેઓ એ ૧૧૬ વાર રક્તદાન કરીને ૨૦૧૦ માં શૅરદિલ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. હજુ તો ત્રેપન જ થયા છે. ઘણી તક છે. ૧૫૧ વાર રક્તદાન કરવાનો તેમનો નિશ્ચય ઈશ્વર પાર પાડશે તેવી શ્રધ્ધા છે. રક્તદાન અંગે એક પ્રસંગ યાદ કરતા તેઓ કહે છે કે ''એકવાર મારા સગાની સેવા માટે હું હૉસ્પિટલમાં હતો ત્યારે એક ઈમરજન્સી કેસમાં રક્તની જરૂર પડી. જાણવા મળ્યું કે ઈજાગ્રસ્ત માણસ શહેરનો ખ્યાતનામ ગુંડો છે. હું કુપાત્રે લોહી આપવા જઈ રહ્યો હતો તે બાબતે ધીમી ધીમી ચણભણ શરૂ થઈ. આ ચણભણ નક્કર નિર્ણય બની જાય તે પહેલાં એક પળનાં ય વિલંબ વિના હું લૅબોરેટરીમાં પહોંચી ગયો. દર્દી બચી ગયો પણ ગુંડાગીરી છોડી દેવાનાં નિર્ણયે અમને સૌને ચકિત કરી દીધાં.'' પોતાનું રક્તદાન લેખે લાગ્યું. તેના આનંદ કરતા એક ગુંડાના હૃદય પરિવર્તનમાં પોતે આ રીતે નિમિત્તે બની શક્યા તેનો અલૌકિક આનદ તેમને આજે પણ વાગોળવો ગમે છે.

મોટે ભાગે સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ નાણાંકીય સાધનોની સતત ખેંચ અનુભવતી હોય છે પણ ઈતિહાસ ગવાહ છે, સાફ નિયતની સંસ્થાએ કેવળ નાણાંના અભાવે કદી બંધ પડી નથી. ઈશ્વર શશીકાન્ત મોઢા જેવા ફરિસ્તાને આવી સંસ્થાનું સરનામું બતાવી દેવો હોય છે! શશીકાન્ત મોઢાએ મળેલું બીજું

• અનુસંધાન છઠ્ઠા પાને